ગાંધીનગર સમાચાર

**ગાંધીનગર તાપમાન**

મહત્તમ : ૪૦.૪ ડીગ્રી
લઘુતમ : ૨૬.૨ ડીગ્રી
ભેજ
સવારે ૬૭ ટકા ● સાંજે ૨૦ ટકા

# શહેરના એસ.ટી. ડેપોમાં સલામતીના નામે મીંડુ

**મહીલાના પાકીટની ઉઠાંતરી : ડેપો સંકુલમાં પોલીસ ચોકી માટે જગ્યા ફળવાયા બાદ પણ પોલીસતંત્રની નિરસતાના લીધે મુસાફરો ભયમાં**

ગાંધીનગર, તા. ૧૧

ગાંધીનગર એસ.ટી. ડેપોમાં સલામતીનો મુદ્દો દાયકાઓના અંતે પણ રામ ભરોસે છે. મુસાફરો રોજબરોજ તસ્કરીનો ભોગ બને છે. ડેપો સંકુલમાં પોલીસ ચોકી બનાવવા માટે જગ્યાની ફાળવણી કરાયા બાદ પણ હજુ સુધી કાંઈ થયુ નથી. બીજી તરફ ડેપો સંકુલમાં ગઠીયાઓ ગમે ત્યારે બસમાં ચઢતા મુસાફરોના પાકીટ સેરવી લેતા હોવાથી ભયનો માહોલ સર્જાયો છે. પાટનગરના હાર્દસમાં વિસ્તારમાં જ સલામતી નથી. આજે પણ ડેપોમાં એક મહીલાનુ પાકીટ ઉઠાવી ગઠીયો પલાયન થઈ ગયો હતો.

શહેરના હાર્દસમા વિસ્તારમાં સ્થિત એસ.ટી. ડેપોમાં વારંવાર તસ્કરો હાથફેરો કરી લે છે. ડેપો સંકુલમાં બસમાં ચઢતા ઉતરતા મુસાફરો અનેકવાર પીક પોકેટીંગનો ભોગ બને છે. મુસાફરોના હાથમાંથી પાકીટ , મોબાઈલ તેમજ ગળામાંથી ચેઈન ખેંચી જવાના વધતા કિસ્સાઓના લીધે ડેપો સંકુલની સલામતી સામે અનેક સવાલો મંડરાયા છે. મુસાફરોમાં આ સ્થિતિ વચ્ચે ભયની લાગણી વ્યાપી છે. ડેપો સંકુલમાં મુસાફરોની સુવિધાના નામે મીંડુ ચિતરાયેલુ છે. જયારે સલામતીનો મુદ્દો પણ વર્ષોથી રામ ભરોસે છે. આજે પણ એક મહીલાનુ પાકીટ ઉઠાવી ગઠીયો પલાયન થઈ ગયો હતો. જયારે મહીલાના પાકીટમાંથી એટીએમ કાઢીને પૈસા પણ ઉઠાવી લીધા હતા. જો કે આ મામલે સ્થાનિક પોલીસ મથકે ફરિયાદ પણ દાખલ થઈ છે. પરંતુ ડેપો સંકુલમાં બિન્દાસ્ત બનતી તસ્કરીના લીધે મુસાફરો સામે મોટુ જોખમ ઉભુ થયુ છે. એક બાજુ ડેપો સંકુલને સ્માર્ટ બનાવવા માટેની પણ અગાઉ જાહેરાતો કરવામાં આવી છે. જયારે સલામત સવારી એસ.ટી. અમારીના સ્લોગનને પ્રોત્સાહીત કરતુ ડેપો તંત્ર એસ.ટી. સંકુલમાં જ મુસાફરોને સલામતી આપી શકતુ નથી. ડેપો સંકુલમાં પોલીસ ચોકી કાર્યરત કરવા માટે અગાઉ જગ્યા ફાળવવા માટે પણ રજુઆત કરવામાં આવી હતી. જેના અંતે ડેપો સંકુલના ગેટ નં -૨ પાસે પોલીસ ચોકી માટે ડેપો કક્ષાએથી જગ્યા પણ ફાળવવામાં આવી હતી. પરંતુ હજુ સુધી આ અન્વયે પોલીસ તંત્રએ ચોકી શરૂ કરવા માટે તૈયારી ન દર્શાવતા હજુ સુધી ડેપો સંકુલમાં પોલીસ ચોકી શરૂ થઈ નથી. બીજી તરફ નિર્દોષ મુસાફરો તસ્કરીનો ભોગ બની રહ્યા છે. સ્માર્ટ સીટી બનવા તરફ આગળ વધતા નગરમાં એસ.ટી. ડેપો જેવા જાહેર સ્થળો પર જ કાયદો અને વ્યવસ્થાના નામે મીંડુ ચિતરાયેલુ છે. જેના લીધે સ્થાનિક નાગરિકો સહીત બહારગામથી આવતા મુલાકાતીઓમાં પણ ભય પ્રર્વત્યો છે.

## બે દિવસના અંતે ગરમીનો મિજાજ બદલાયો

**મહત્તમ તાપમાન ૪૦.૪ ડીગ્રી પહોંચતા રજાના દિવસે શહેરમાં સન્નાટો જોવા મળ્યો**

ગાંધીનગર, તા. ૧૧

ગાંધીનગરમાં છેલ્લા એક સપ્તાહથી મહત્તમ તાપમાનમાં સતત બદલાવ જોવા મળી રહ્યો છે. છેલ્લા ચાર દિવસથી ગરમીનો પારો ૪૦ ડિગ્રીની અંદર રહેતા નગરજનોએ ગરમીમાં રાહત અનુભવી રહ્યા છે. જો કે આજે મહત્તમ તાપમાન ૧.૪ ડીગ્રી વધી ફરી ૪૦ ને પાર પહોંચી જતા દિવસે અંગ દઝાડતી ગરમીનો અહેસાસ નગરજનોએ કર્યો હતો. બે દિવસ પુર્વે ગરમીનો પારો ૩૮ ડિગ્રી સુધી પહોંચી ગયો હતો.

ગાંધીનગરમાં આ વર્ષે ગરમીની સિઝન શરૂઆતથી જ આકરી પુરવાર થઈ છે. ગરમીનો પારો ગત માર્ચ મહીનાથી જ ૪૦ ડીગ્રીને પાર રહેતા નગરજનો હીટવેવથી બેબાકળા બની ગયા છે. ગરમીની મોસમ શરૂઆતથી જ આક્રમક મુડમાં જોવા મળી હતી જયારે એપ્રિલના અંતમાં ગરમીનો પારો સિઝનની રેકર્ડ બ્રેક ગરમી સાથે ૪૪ ડીગ્રીને પાર થઈ ગયો હતો. ગરમીનો મિજાજ એકધારો જળવાયેલો રહેતા સ્થાનિક જનજીવન પણ ગરમીની અસરથી વિશેષ પ્રભાવિત થયુ હતુ. છેલ્લા એક મહીનાથી મહત્તમ તાપમાન ૪૦ ડીગ્રીની ઉપર રહેતા અંગ દઝાડતી ગરમીનો અહેસાસ કરતા શહેરીજનો કામ સિવાય ઘરની બહાર નિકળવાનુ પસંદ કરતા ન હતા.જયારે ગરમીની મોસમમાં બીજીવાર જોવા મળેલા વાતવારણ પલ્ટાના અંતે છેલ્લા ચાર દિવસથી ગરમીનો મિજાજ હળવો થયો છે. બે દિવસ અગાઉ પણ ગરમીનો પારો ૩૮ ડીગ્રી પહોંચી ગયો હતો. જયારે બે દિવસ ગરમી ૪૦ ડીગ્રીની અંદર રહ્યા બાદ આજે ગરમીએ ફરી એકવાર ઉગ્ર મિજાજ બતાવ્યો હતો. દિવસ દરમિયાન મહત્તમ તાપમાન ૧.૪ ડીગ્રી વધતા ગરમી ૪૦.૪ ડીગ્રી પહોંચી ગઈ હતી. જેના લીધે શહેરીજનોએ બપોરના સમયે આકરો તાપ અનુભવ્યો હતો. રજાનો દિવસ હોવાની સાથે ગરમીનો પારો પણ ઉંચકાતા નગરના મુખ્યમાર્ગો પર દિવસ દરમિયાન ગરમીની અસર વચ્ચે સન્નાટો જોવા મળ્યો હતો. ગરમીએ બે ચાર દિવસ પોરો ખાધા બાદ ફરી પોતાનો અસલ મિજાજ દેખાડવાનુ શરૂ કરી દેતા નગરજનો હવે ગરમીથી અકળાઈ ગયા છે. છેલ્લા બે દિવસથી મહત્તમ તાપમાન પણ ૨૬.૨ ડીગ્રી રહ્યુ છે. જયારે વાતાવરણમાં સવારના સમયે ભેજનુ પ્રમાણ પણ ૬૭ થી ૬૮ ટકા સુધી નોંધાયુ છે. ગરમી વધતા મહત્તમ અને લઘુત્તમ તાપમાન વચ્ચે તફાવત વધી રહ્યો છે.

## માતૃભાષા ગૌરવ પ્રતિષ્ઠાનની કાર્યશાળામાં રક્ષાબહેન દવેએ અનુસ્વારનું વિજ્ઞાન શિખવાડ્યું

ગાંધીનગર, તા. ૧૧

ગાંધીનગરમાં સેક્ટર-૨૦માં ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી ખાતે માતૃભાષા ગૌરવ પ્રતિષ્ઠાન દ્વારા માતૃભાષાના સંરક્ષણ, સંવર્ધન અને ભાષા સજ્જતાના ઉદ્દેશથી કાર્યશાળા યોજવામાં આવે છે. આજની કાર્યશાળામાં આજીવન ભાષા માટે કાર્યરત રહેલા રક્ષાબહેન દવે ભાવનગરથી પધાર્યા હતા જેમણે ભાષા સાધકોને અનુસ્વારના નિયમો ઉદાહરણો સાથે શિખવાડ્યાં હતા. સળંગ ઓગણીસમી આ કાર્યશાળામાં માતૃભાષા ગૌરવ પ્રતિષ્ઠાનના હોદ્દેદારો હર્ષદભાઈ શાહ, પ્રવિણભાઈ વઘાસીયા, કિશોરભાઈ જિકાદરા સહિત શહેરના અગ્રણીઓ જેવા કે રણછોડભાઈ પરમાર, અશોકભાઈ ત્રિવેદી, સંજયભાઈ થોરાત, સુધિરભાઈ દેસાઈ, સંજયભાઈ પંડ્યા સહિત અનેક અગ્રણી ભાષાપ્રેમીઓ ઉપસ્થિત રહ્યા હતા. અત્રે ઉલ્લેખનીય છે કે માતૃભાષા ગૌરવ પ્રતિષ્ઠાન દ્વારા માતૃભાષાના સંરક્ષણ-સંવર્ધન માટે ચલાવાઈ રહેલા અભિયાનમાં વધુને વધુ માતૃભાષાપ્રેમીઓ જોડાઈ રહ્યાં છે અને પ્રત્યેક કાર્યશાળામાં સંખ્યા વધતી રહી છે.





પવિત્ર પુષ્યનક્ષત્રમાં બાળકોને જો સુવર્ણપ્રાશન પીવડાવવામાં આવે તો તેઓ અનેક પ્રકારની વ્યાધિથી મુક્ત રહે છે અને તેમનો શારિરીક વિકાસ પણ યોગ્ય રીતે થાય છે તેવું આયુર્વેદમાં માનવામાં આવે છે. શનિવારે પુષ્યનક્ષત્ર હોવાથી શહેરના સેક્ટર-૨૨માં સરકારી આયુર્વેદ હોસ્પિટલ ખાતે બાળકોને આરોગ્યવર્ધક સુવ્રણપ્રાશનના ટીપા પીવડાવવામાં આવ્યાં હતા.

## સે-૧૩ માં મકાન ભાડે આપી પોલીસને જાણ નહી કરનાર સામે ગુનો નોંધાયો

ગાંધીનગર, તા.૧૧

પુલવામા ખાતે થયેલા આતંકવાદી હુમલા બાદ ગુપ્તચર એજન્સીઓએ અનેક રાજ્યોમાં હાઈ એલર્ટ જાહેર કર્યા હતા અને રાજયના પાટનગર ગાંધીનગરમાં પણ હુમલાની શક્યતા વ્યકત કરી હતી. જેથી માર્ચ માસના અંતિમ સપ્તાહમાં પોલીસે સઘન ચેંકીગ હાથ ધર્યું હતું. જેને પગલે કલેકટરે જાહેરનામું બહાર પાડીને ભાડુઆત અંગે સ્થાનિક પોલીસને જાણ કરવા સુચના આપી હતી. કલેકટરના આ જાહેરનામાના ભંગ બદલ શહેરમાં ગુનો નોંધાયો છે. પાંચ કાશ્મીરી યુવાનોને મકાન ભાડે આપ્યા બાદ મહિના સુધી પોલીસને જાણ નહી કરવા બદલ મકાન માલિક સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

પોલીસ પાસેથી મળતી વિગત મુજબ ગાંધીનગર એસઓજી પીએસઆઈ જે.આર.કરોતરા અને ટીમના સભ્યો પેટ્રોલીંગમા હતા તે દરમિયાન સે-૧૩ ખાતે પરપ્રાંતના નાગરીકોને મકાન ભાડે આપ્યું હોવાની માહિતી મળી હતી. પોલીસે બાતમી મુજબ સે-૧૩ પ્લોટ નં. ૪૬૫-૧ માં તપાસ કરી હતી. જેમાં મકાનના પહેલા માળે અનંતનાગ જિલ્લાના પાજથકોઝી ગાંઠ તાલુકામાં રહેતા યાસીનહુસેન અબ્દુલગની રથર તેમજ અન્ય ચાર કાશ્મીરી યુવકો છેલ્લા એક માસથી ભાડે રહેતા હોવાનું જાણવા મળ્યું હતું. પાંચ યુવાનો મહિને રૂ.૮,૦૦૦ ભાડુ ચુકવતા હતા. પોલીસની પ્રાથમિક તપાસમાં આવેલી વિગતો મુજબ આ યુવકો છેલ્લા બે વર્ષથી ગાંધીનગરમાં રહેતા હતા અને ટીસીએસમાં નોકરી કરતા હતા. પાછલા એક મહિનાથી તેઓ સે-૧૩ માં રહેવા આવ્યા હતા. પાંચ યુવાનો જે મકાનમાં રહેતા હતા તેનુ લાઈટ બીલ હસીનાબીબી બાબુભાઈ દિવાનના નામનું હતું. હસીના બીબી અવસાન પામ્યા બાદ વારસાઈ હકે કબજેદાર માલિક મહમદયાસીન બાબુભાઈ દિવાન હોવાનું જાણવા મળ્યું છે. સે-૭ પોલીસ મથક અને ગુજરાત સિટીઝન પોર્ટલ પર ઓનલાઈન ચકાસણી પણ થઈ હતી . જો કે મકાન માલિકે ભાડુઆત અંગે કોઈ પણ જાણકારી ન આપી હોવાથી પોલીસે અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ ૨૮ માર્ચ-૨૦૧૯ના રોજ બહાર પાડેલા જાહેરનામા ભંગ બદલ મકાન માલિક સામે ગુનો દાખલ કરી કાયેદસરની કાર્યવાહી હાથ ધરી છે.

## અમીયાપુરમાંથી પાંચ શકુનીઓ ઝડપાયા

ગાંધીનગર, તા.૧૧

ગાંધીનગર-અમદાવાદ માર્ગ પર આવેલા અમીયાપુર ગામેથી જુગાર રમતા પાંચ શકુનીઓ પકડાયા છે. અડાલજ પોલીસને બાતમી મળી હતી કે અમીયાપુર ગામે રામાપીર મંદિરની પાસેના ચોકમાં ખુલ્લી જગ્યામાં જુગાર રમાય છે.જેને પગલે પોલીસે રેઈડ કરતા જુગાર રમતા જુગારીઓમાં ભાગદોડ મચી જવા પામી હતી. અડાલજ પોલીસે જગ્યા કોર્ડન કરીને પાંચ જુગારીઓને દબોચી લીધા હતા. પકડાયેલા પાંચ જુગારીઓમાં અમીયાપુર મહાદેવવાળા વાસમાં રહેતા રમણ મંગાજી ઠાકોર, સુનિલ કાળુજી ઠાકોર, મહેન્દ્ર ગાભાજી ઠાકોર, વિક્રમ ચંદુજી ઠાકોર, પોપટ માસંગજી ઠાકોરનો સમાવેશ થાય છે. પોલીસે પાંચે શકુનીઓ પાસેથી કુલ રૂ. ૧૯,૩૪૦ રોકડા જપ્ત કરી ને તમામ વિરુધ્ધ જુગારધારા હેઠળ કેસ નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

## સોમવારે રોટરી ક્લબ દ્વારા કારકિર્દી માર્ગદર્શન શિબિર

ગાંધીનગરની રોટરી ક્લબ દ્વારા તા. ૧૨મી મે સોમવારે સવારે ૯ થી ૧૨ કલાક દરમ્યાન ધોરણ-૧૦, ૧૨ અને ગ્રેજ્યુએશન પછી શું કરી શકાય તે અંગે વિદ્યાર્થીઓને માર્ગદર્શન આપવાના હેતુથી કારકિર્દી માર્ગદર્શન સેમિનારનું આયોજન કરવામાં આવ્યું છે. આ સેમિનાર સેક્ટર-૨૨માં રોટરી ફિઝિયોથેરેપી સેન્ટર ખાતે યોજાશે. જેમાં નિષ્ણાંતો દ્વારા ઉત્તમ માર્ગદર્શન, સરકારની વિવિધ સ્કોલરશીપની યોજનાઓ અંગે વિગતવાર માહિતી, બેંક અધિકારી દ્વારા એજ્યુકેશન લોન અંગેની માહિતી વગેરે પુરી પાડવામાં આવશે. આ શિબિરનો શહેરના વધુમાં વધુ વિદ્યાર્થીઓએ લાભ લેવા સંસ્થા દ્વારા અનુરોધ કરવામાં આવ્યો છે.

## કૃષિ ભવનની બાજુના છાપરામાંથી દેશી દારૂ ઝડપાયો

ગાંધીના ગુજરાતમાં દારૂ બંધી માત્ર કાગળ પર છે. રાજયમાં ધમધમતા દારૂના અડ્ડાઓ અદૃશ્ય થઈ ગયા છે. પરંતુ છાને ખુણે દારૂનુ વેચાણ નાના વેપારીઓ દ્વારા ચાલુ છે. ત્યારે રાજના પાટનગરમાં પણ દારૂના બુટલેગરો બેફામ બન્યા હોય તેમ લાગી રહ્યું છે. બુટલેગરોને પોલીસનો ડર રહ્યો ના હોય તેમ સરકારી કચેરીને અડીને આવેલા છાપરામાં દેશી દારૂનું વેચાણ કરતા હતા. ત્યારે સે-૭ પોલીસે કૃષિભવનની બાજુમાં દેશીદારૂના વેપારને પકડી પાડ્યો છે. પોલીસને બાતમી મળી હતી કે સે-૧૦ કૃષિ ભવનની બાજુમાં કાચા છાપરામાં રહેતી મહિલા સજ્જનબેન કાનાજી ઠાકોર દેશી દારૂ વેચવાની પ્રવૃતિ કરે છે. જેને પગલે પોલીસે રેડ પાડતા મહિલા બુટલેગર ફરાર થઈ ગઈ હતી. પરંતુ પોલીસને ૩ લીટર દેશીદારૂ મળી આવ્યો હતો. ત્યારે જુના સચિવાલયનું મીના બજાર પણ વિદેશી દારૂની ડિલિવરી માટે હોટ સ્પોટ છે. અંતરંગ સુત્રો દ્વારા મળતી વિગત મુજબ મીના બજારમાં શરાબ અને કબાબ બંન્ને મળતા હોવાથી કર્મચારીઓ અને ગ્રાહકોની ભીડ વચ્ચે દારૂની એક કે બે બોટલ લઈને ફરતા ખેપિયા પર કોઈની નજર ખાસ જતી નથી. જેથી વિદેશી દારૂ વેચાણ ખુલ્લેઆમ થાય છે તેવી ફરિયાદો પણ તાજેતરમાં નગરજનોમાં ઉઠવા પામી હતી. ત્યારે દારૂ પીને નોનવેજ જમવા માટે આવતા દારૂડીયાઓ અને નોનવેજ હોટલ સંચાલકો વચ્ચે પણ રકઝક ના દશ્યો રોજ સર્જાય છે.

## મહાત્મા ગાંધી આધારિત જેટલું સાહિત્ય સર્જન થયું છે તેટલું કોઈ અન્ય વ્યકિત આધારિત નથી થયું

**સે-૨૯માં સેન્ટ્રલ યુનિવર્સિટી ખાતે ‘ગાંધીજી અને ૧૯૮૦ પછીનું હિંદી-ગુજરાતી સાહિત્ય’ આધારિત બે દિવસીય પરિસંવાદ સંપન્ન : રાષ્ટ્રીય કક્ષાના સાહિત્યકારો ઉપસ્થિત રહ્યા**

ગાંધીનગર, તા.૧૧

‘ગાંધી અને ૧૯૮૦ પછીનું હિંદી-ગુજરાતી સાહિત્ય’ વિષયે ગાંધીનગરના સેકટર-૨૯માં સેન્ટ્રલ યુનિવર્સિટી ખાતે બે દિવસીય રાષ્ટ્રીય કક્ષાના પરિસંવાદનું આજે સમાપન થયું હતું. આ પરિસંવાદમાં જ્ઞાનપીઠ એવોર્ડ વિજેતા રઘુવીર ચૌધરી, સુપ્રસિધ્ધ હિંદી કવિ વિશ્વનાથ પ્રસાદ તિવારી, સાહિત્ય અકાદમીના અધ્યક્ષ ચંદ્રશેખર કંબાર, હિંદી મહામર્શ મંડળના સંયોજક ચિત્તરંજન મિશ્ર, સાહિત્ય વિવેચક મણીલાલ હ. પટેલ ઉપરાંત રેવતી રમણ, વિનોદ તિવારી, હસિત મહેતા, કે.વનજા, કાંતિ માલસ્તર, મનોજકુમાર સિંહ, સતીષ વ્યાસ, કમલકિશોર ગોયન્કા સહિત




સંજીવકુમાર દુબે, શરીફ વિજળીવાળા, મોહન પરમાર, આભાકુમાર ગુપ્તા, માધવ કૌશિક, અતનુ ભટ્ટાચાર્ય, અનેક સાહિત્યકારો ઉપસ્થિત રહ્યા હતા.

પરિસંવાદના ઉદઘાટન પ્રસંગે સાહિત્ય અકાદમીના પૂર્વ અધ્યક્ષ વિશ્વનાથ પ્રસાદ તિવારીએ કહ્યું હતું કે, ‘મહાત્મા ગાંધીના વિરાટ વ્યકિતત્વનો અંદાજો એ વાતના આધારે લગાવી શકાય છે કે જેટલી કવિતાઓ મહાત્મા ગાંધી પર લખવામાં આવી છે તેટલી અન્ય કોઈ વ્યકિત પર લખવામાં નથી આવી. મહાત્મા ગાંધીના વિચારો મૌલિક હતા અને ૧૯૬૦ પછી જે મોહભંગની ચર્ચા સાહિત્યમાં કરવામાં આવે છે તે ગાંધીજીથી નહોતો બલ્કે જે ભારતનું સ્વપ્ર ગાંધીજીએ સેવ્યું હતું તે પૂર્ણ ના થવાથી કવિઓને થયેલો મોહભંગ હતો.’ આ સાથે તેમણે પ્રેમચંદને ગાંધીજીના શ્રેષ્ઠ ભકત ગણાવતા કહ્યું કે ‘પ્રેમચંદે ગાંધીજીના સ્વરાજના ફાયદા જનતાને સમજાવવા પ્રયાસ કર્યો હતો.’

આ પ્રસંગે સુપ્રસિધ્ધ ગુજરાતી લેખક-કવિ રઘુવીર ચૌધરીએ ગુજરાતી ઉપન્યાસોના ઉદાહરણ સાથે જણાવ્યું હતું કે ‘જે રીતે મોરારી બાપુ રામકથા કરે છે તે રીતે નારાયણ દેસાઈએ ગાંધીકથાનો પ્રારંભ કર્યો હતો. જે મહાત્મા ગાંધીની ઉપસ્થિતિ અને મહત્વનો અનુભવ કરાવે છે.’ પરીસંવાદના સંયોજક આલોક ગુપ્તાએ ગાંધીનગર સમાચાર સાથેની વાતચીતમાં જણાવ્યું હતું કે ‘ઉત્તરાધુનિક યુગમાં ગાંધીજીનો પ્રભાવ સોસર્યો હોવાનું માનવામાં આવતું હતું પરંતુ પરિસંવાદે સાબિત કર્યું છે કે આજના યુગમાં ગાંધીજીના મૂલ્યો પરોક્ષ રીતે સાહિત્યમાં ભૂમિકા ભજવી રહ્યા છે. ગાંધીજીને કેન્દ્રમાં રાખીને સાહિત્ય સર્જન થઈ રહ્યું છે તેવું દરેક સાહિત્યકારોએ સ્વીકાર્યું હતું. હાંસિયાના સમાજ, દલિતો, મહિલાઓ તથા આદિવાસો સહિતના દરેક સાહિત્યમાં ગાંધી મૂલ્યો સાહિત્યકાર સાથે જોડાયેલા છે.’ પરિસંવાદના સમાપન બાદ તમામ સાહિત્યકારોએ દાંડીકુટિરની મુલાકાત લીધી હતી.

## @ગાંધીનગર

● રૂદ્રાભિષેક મંડળ દ્વારા સવારે ૮.૩૦ કલાકે રમણિકભાઈ વ્યાસના નિવાસસ્થાન પ્લોટ નં. ૭૨૨/૧/એ, સેકટર-૨૧, પંચશીલ પાર્ક, સે-૨૧ ખાતે રૂદ્રાભિષેક યોજાશે.

## પેથાપુરમાં મહાકાળી મંદિરે ૧૦૮ કુંડી શતચંડી મહાયજ્ઞ

ગાંધીનગર, તા.૧૧

પેથાપુર ગામની સીમમાં મહાકળી માતાજીના મંદિરે તા. ૧૨મી મેના રોજ ૧૦૮ કુંડી શતચંડી મહાયજ્ઞનું આયોજન કરવામાં આવેલ છે. જેમાં પૂજન, દેવતાહોમ, વિશેષ હોમ, ઉત્તર પૂજન મહાઆરતી યોજાશે. સમગ્ર યજ્ઞના આચાર્યપદે શ્રી મનનકુમાર નવીનચંદ્ર વ્યાસ બિરાજશે. ધર્મ-ધજાના યજમાનપદે ધારાસભ્ય ડૉ. સી.જે. ચાવડા, ડાભી પ્રવિણસિંહજી, ડાભી નટવરસિંહ અર્જુનસિંહજી બિરાજશે.

## નવા સેકટરોમાં રખડતા કૂતરાનો ત્રાસ : માર્ગ સલામતી પણ જોખમાઈ

**વાહનચાલકો પાછળ દોટ મુકતા કૂતરાઓથી મહિલાઓ અને બાળકોમાં ભય**

ગાંધીનગર, તા.૧૧

શહેરમાં આજકાલ રખડતા પશુઓનો ત્રાસ વધી ગયો છે. ખાસ કરીને નવા સેકટરો અને ન્યુ ગાંધીનગર વિસ્તારમાં રહેવાસીઓ ત્રસ્ત છે. ગાય-ભેંસના ત્રાસ સાથે રખડતા કૂતરાઓએ રહેવાસીઓને હેરાન પરેશાન કરી મૂકયા છે. હાલતા ચાલતા માણસો કે વાહનોની પાછળ કૂતરા દોટ મુકી રહ્યા છે. જેના લીધે અકાળે અકસ્માતની પરિસ્થિતિ સર્જાઈ રહી છે. કોર્પોરેશન દ્વારા આ સમસ્યા માટે તાત્કાલિક પગલા લેવા અંગેની માંગ ઉઠવા પામી છે. શહેરમાં નવા સેકટરો અને ન્યુ ગાંધીનગરમાં રખડતા ઢોરનો ત્રાસ દિવસે દિવસે વધી રહ્યો છે. ખાસ કરીને કૂતરાઓ જે દિવસે ને દિવસે શહેરીજનોને હેરાન પરેશાન કરી રહ્યા છે. હાલતાને ચાલતા કૂતરાઓ નાના બાળકોને ડરાવી રહ્યા છે. સાથે સાથે ટુ વ્હીલર અને કારમાં જતા પાછળ દોટ મુકે છે. રહેવાસીઓની ફરિયાદ છે કે રાત્રે ૯ વાગ્યા પછી ગાડી લઈને નીકળતા કૂતરાઓ ગાડીની પાછળ દોટ મૂકે છે અને રસ્તો રોકે છે જેથી વાહનચાલકને થોડી વાર માટે સ્પીડ ઓછી કરવી પડે છે પરંતુ ઘણીવાર આ પરિસ્થિતિમાં અકસ્માત થઈ જાય છે. ટુ વ્હીલર પર જતાં શહેરીજનોને ઘણીવાર પગ પાસે આવીને કૂતરા સામા થાય છે જેથી વ્હીકલ પરથી પડી જવાનો ભય રહે છે.




ચાણકય કિડસ સ્કૂલ સે-૨૦ ખાતે નાના બાળકો માટે ચિત્ર સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં નાના બાળકોએ ઉત્સાહ પૂર્વક ભાગ લીધો હતો. વિજેતા બાળકોને કેનવાસ પેઈન્ટીંગના માસ્ટર આશાબેન ઝાલાના હસ્તે ઈનામ આપવામાં આવ્યા હતાં.

## ચિરવિદાય

● સ્વ. મીરા ખખ્ખર, ઉ.વ. ૮૦